
# સ્ટેશનરી, યુનિફોર્મ, સ્કૂલબેગ ૨૦ થી ૨૫ ટકા મોંઘા

## શહેરના વાલીઓ માટે નવુ શૈક્ષણિક વર્ષ ખીસ્સા પર ભાર વધારનારૂ બની રહેશો

ઉનાળુ વેકેશન ૧૨ જૂને પુરૂ થઈ રહ્યું છે. ૧૩ જૂનથી શહેરની સ્કૂલો વિદ્યાર્થીઓના કોલાહલથી ગાજી ઉઠશે. સ્કૂલોમાં વેકેશન પુરૂ થયા બાદ બે વર્ષ પછી નવુ શૈક્ષણિક સત્ર ઓફલાઈન મોડમાં શરૂ થવા જઈ રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓ પણ સ્કૂલે જવા માટે તૈયારીઓ કરી રહ્યા છે. જોકે શહેરમાં વાલીઓ માટે નવું શૈક્ષણિક વર્ષ ખિસ્સા પર ભાર વધારનારૂ બની રહેશે. ખાનગી સ્કૂલોની ફીના કારણે પહેલેથી જ નાણાંકીય ભાર વેઠી રહેલા વાલીઓ માટે સ્કૂલો શરૂ થતાં પૂર્વેની ખરીદી પણ મોંઘી બની રહી છે. વિદ્યાર્થીઓના સ્કૂલ યુનિફોર્મ, સ્કૂલબેગ, સ્ટેશનરી એમ તમામ વસ્તુઓના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. જેનો બોજો શહેરના વાલીઓએ સહન કરવાનો રહેશે. હાલમાં બજારમાં આ તમામ વસ્તુઓની ઘરાકી જોવા મળી રહી છે. પણ વર્ષ ૨૦૧૯ના મુકાબલે આ વખતે વાલીઓ વધારે ભાવ ચૂકવવા માટે મજબૂર બની રહ્યા છે. સ્કૂલોમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ચીજવસ્તુઓની સાથે સાથે સ્કૂલ વર્ધી માટેની રિક્ષાઓ અને વાનના ભાડા પણ ૨૦ ટકા જેટલા વધી ગયા છે.





### સ્ટેશનરીના ભાવમાં કેટલો વધારો

નોટબુકો ૧૦૦ પેજ, ૨૦૦ પેજ, એ-૪, એ-૫ એમ અલગ અલગ સાઈઝ અને અલગ અલગ પ્રકારમાં મળતી હોય છે અને એ પ્રકારે તેનો ભાવ ૨૦ રૂપિયાથી માંડીને ૧૨૦ રૂપિયા સુધીનો હોય છે. આ તમામ નોટબુકોના ભાવમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. આજ રીતે પેન્સિલ, રબર, કલરના ભાવ પણ ૨૦ થી ૨૫ ટકા વધ્યા છે.

### ૮૦૦ રૂપિયાના યુનિફોર્મની કિંમત ૧૦૦૦ થઈ

યુનિફોર્મના એક વેપારી કહે છે કે ભાવમાં ૨૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જે યુનિફોર્મ પહેલા ૬૦૦ રૂપિયાનો હતો તે હવે ૭૩૦ રૂપિયા સુધીનો થઈ ગયો છે અને ૮૦૦ રૂપિયાનો યુનિફોર્મ ૧૦૦૦ રૂપિયામાં મળે છે. જોકે ૬ મહિના પહેલા સ્કૂલો શરૂ કરી હતી ત્યારે વાલીઓ યુનિફોર્મ લઈ ગયા હોવાથી ઘણા વાલીઓને નવી ખરીદી નહી કરવી પડે. જે વાલીઓ યુનિફોર્મની બે જોડ ખરીદતા હોય છે તેમણે ૫૦૦ થી ૬૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. બીજી તરફ કોરોના અને તેના પગલે લાગુ કરાયેલા લોકડાઉનના કારણે યુનિફોર્મ બનાવતા ઘણા કારીગરો અન્ય વ્યવસાયોમાં જોડાઈ ગયા હતા. આમ યુનિફોર્મ સિવતા કારીગરો પણ ઘટી ગયા છે અને પ્રોડક્શનની આખી ચેઈન અસ્તવ્યસ્ત થઈ ગઈ છે.

### સ્કૂલ બેગ માટે ૧૫૦ થી ૨૦૦ રૂ. વધારે ચૂકવશે વાલીઓ

વિદ્યાર્થીઓ સ્કૂલમાં જે વસ્તુઓ વાપરે છે તેમાં કદાચ સ્કૂલબેગ સૌથી મોંઘી વસ્તુ હોય છે. ફૂટપાથ પર મળતી ૨૦૦ રૂપિયાની સ્કૂલબેગથી માંડીને દુકાનમાં મળતી ૩૦૦૦ રૂપિયાની સ્કૂલ બેગ એમ ૫૦ થી ૬૦ પ્રકારની સ્કૂલ બેગ બજારમાં ઉપલબ્ધ છે. સ્કૂલબેગના વેપારીએ જણાવ્યુ હતુ કે જૂનો સ્ટોક હતો ત્યાં સુધી જૂના ભાવે સ્કૂલ બેગ વેચી છે પણ મટિરિયલના ભાવ વધ્યા હોવાથી સ્કૂલબેગનો જે નવો સ્ટોક આવ્યો છે તેમાં ૨૫ થી ૩૦ ટકાનો વધારો થયો છે. દરેક વાલી સરેરાશ ૮૦૦ રૂપિયાની કિંમતની સ્કૂલબેગ ખરીદતા હોય છે ત્યારે બેગ દીઠ ૧૫૦ થી ૨૦૦ રૂપિયા વધારે ચૂકવવા પડે તેવી સ્થિતિ છે.

### વાહન અને મોબાઈલ ચોરીની ફરિયાદ કરવા

## નાગરિકોએ હવે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી

ગાંધીનગર, તા. ૮

દેશના નાગરિકોને આપવામાં આવતી ઓનલાઈન સેવામાં વધારો કરવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ e-FIRના અમલીકરણના સૂચનને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા વાહન ચોરી કે મોબાઈલ ચોરીના કિસ્સામાં સીટીઝન પોર્ટલ http://gujhome.gujarat.gov.in અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ મારફતે નાગરિકોના વિશાળ હિતમાં e-FIRની સુવિધા આપવાનો જનકલ્યાણલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે તેમ રાજ્ય સરકારના ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે.

e-FIRની આ સુવિધા ફક્ત તેવા સંજોગોમાં જ મેળવી શકાશે કે જેમાં આરોપી અજ્ઞાત હોય તથા ઘટના દરમિયાન બળનો ઉપયોગ ન થયો હોય કે ઈજા ન પહોંચી હોય. ચોક્કસ સમય મર્યાદામાં e-FIRની પ્રાથમિક તપાસ પૂર્ણ કર્યા બાદ તેમાં તથ્ય જણાય તો તેવી ફરિયાદ FIRમાં રૂપાંતરિત કરવામાં આવશે. e-FIR સુવિધાની કાર્યપ્રણાલી અંગે યાદીમાં જણાવાયું છે કે ફરિયાદીએ સીટીઝન પોર્ટલ પર રજીસ્ટર કરાવી વાહણ કે ફોન ચોરી અંગે ફરિયાદ સંદર્ભેની વિગતો ભરી ઓનલાઈન અપલોડ કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતા સમયે આપવામાં આવેલ અરજીની પ્રિન્ટઆઉટ પર ફરિયાદીની સહી કર્યા બાદ એ અરજીને સ્કેન કરીને અપલોડ કરવાની રહેશે.

## સિવિલના તાત્કાલીક વિભાગમાં સ્ટ્રેચર-વ્હીલચેર કયાં..?

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સિવિલના તાત્કાલીક વિભાગમાં સ્ટ્રેચર-વ્હીલચેર શોધવી પડે તેવી સ્થિતિ સર્જાય છે. દર્દીઓના સગાઓ ઉંચકીને તેઓને બેડ પર સુવડાવે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા વ્હીલચેર-સ્ટ્રેચર તાત્કાલીક વિભાગમાં પુરતી સંખ્યામાં મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં સ્ટ્રેચર કે વ્હીલચેરની અછત હોય તેમ લાગી રહ્યું છે. વિભાગમાં સ્ટ્રેચર કે વ્હીલચેર બહાર રાખવામાં આવતી નથી. પરંતુ ખુણામાં દુર મુકી રાખવામાં આવે છે. દર્દીના સગા ગાડીમાં લઈને આવે અને બુમાબુમ કરે ત્યારે સ્ટ્રેચર કે વ્હીલચેર શોધીને લાવવી પડે તેવી સ્થિતિ સર્જાય છે. ક્યારેક તો ઈજાગ્રસ્તોને પણ તેના સગાઓ ઉંચકીને તાત્કાલીક વોર્ડમાં લઈ જતા નજરે પડે છે. જયારે ઈમરજન્સી વિભાગમા સારવાર માટે આવતા દર્દીની જીંદગી ઝોખમમાં હોય છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ કે સશકત ન હોય તેવા દર્દીઓ તાત્કાલીકમાં સારવાર માટે આવે છે. ત્યારે વ્હીલચેર કે સ્ટેચર શોધવામાં દર્દીના સગાઓનો સમય વિતી જાય છે. સિવિલના સત્તાધિશો પણ રોજ રાઉન્ડ મારે છે. પરંતુ તેઓની નજરમાં આ પ્રકારની દુવિધા નજરે પડતી નથી. સિવિલ સત્તાધિશો પણ હોસ્પિટલમાં સબ સલામતનો દાવો કરી રાઉન્ડ લઈ કામ કર્યાનો સંતોષ માને છે. ત્યારે સિવિલના તાત્કાલીક વોર્ડમાં સ્ટ્રેચર- વ્હીલચેર પુરતી સંખ્યામાં મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



**માંગીને ખાનારાનું પણ 'સીએસઆર' : એક ટુકડો તું ખા, એક બટકું હું ખાઉં...!**

એક ટુકડો તું ખા, એક બટકું હું ખાઉં... આ તસવીરમાં દેખાતાં વૃદ્ધ નામે 'ઓધવજી નારણ' આશરે ૮૦ વર્ષથી વધુ વયના છે અને તેમની આંખોની દ્રષ્ટિ બુઝાઈ ગયેલી છે, તેમની સાથે તેમના દિકરી અસહાય ઘડપણની લાકડી બનીને રહે છે. મૂળ રાજકોટ જિલ્લાના આ બંને બાપ-દિકરીનું પરિવારમાં કોઈ નથી અને તેઓ ચિલોડા ચોકડી નજીક ખુલ્લાંમાં ઝુંપડું બાંધીને રહે છે તેમજ ગાંધીનગરમાં ભીખ માંગીને ગુજરાન ચલાવે છે. પોતાને એક ટંક પેટનો ખાડો પુરવાના ફાંફાં છે પરંતુ બંનેને અબોલ જીવો પ્રત્યે અનુકંપા અનેરી છે, બપોરના સમયે ચ-૫ સર્કલ નજીક ફુટપાથ પરથી પસાર થતાં તેઓ ભીખ માંગીને મેળવેલાં પૈસામાંથી બિસ્કિટ ખરીદીને વાંદરાને ખવડાવે છે અને આ બાબતે પુછો તો કહે છે કે 'આપણે તો ભીખ માંગી લઈશું પણ આ અબોલ જીવો થોડાં માંગી શકે છે, તેમનું કોણ?' તેમનો જવાબ સાંભળીને થાય કે તેમની આજીજી સામે રૂપિયો બે રૂપિયો ભીખમાં આપવાને બદલે તેમને હડધૂત કરનારાઓને ક્યાં ખબર હોય છે કે આ માંગી ખાનારા પણ પોતાની જે થાય તે આવકમાંથી 'સીએસઆર' એટલે કે "કોન્ફિડેન્શિયલ સોશિયલ રિસ્પોન્સિબિલિટી" અંગત સામાજિક જવાબદારી નિભાવવાનું ચુકતા નથી.

## દાળ કરતાં દળામણ મોંઘું પડે એવી સ્થિતિમાંથી દહેગામ તાલુકાના બાવળાની મુવાડીના ગ્રામજનોનો છુટકારો

### આદ્યશક્તિ સખી મંડળ સંચાલિત ફ્લોરમીલનો શુભારંભ





ગાંધીનગર, તા. ૮

ઘાટ કરતા ઘડામણ મોંઘું પડે તેમ 'દાળ કરતા દળામણ મોંઘું પડે', તેવી હાલત દહેગામ તાલુકાના બાવળાની મુવાડી ગામના રહીશોની હતી. આ ગામમાં દાળ કરતા દળામણ સસ્તું થાય તેવી શરૂઆત થઈ છે. ગામની મહિલાઓના આદ્યશક્તિ મિશન મંગલમ દ્વારા ફ્લૉરમીલ-ઘંટી શરુ કરવામાં આવી છે. ગાંધીનગરના કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આદ્યશક્તિ સખી મંડળના વડા આનંદીબેન ઝાલા સાથે આ ફ્લૉરમીલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

દહેગામ-મોડાસા માર્ગથી અંદાજે ૧૨ કિલોમીટરના અંતરે બાવળાની મુવાડી ગામ આવેલું છે. આ મુવાડી મૂળ ડોડ ગ્રામ પંચાયતની હદમાં આવે છે. આ ગામ મેશ્વો નદીના કિનારે આવેલું છે. આ મુવાડી અંદાજે ૧૦૦ ઘરની વસ્તી ઘરાવે છે. ગામના નાગરિકો નાની મોટી મજૂરી અને ખેતી કામ કરીને જીવનની આજીવિકા મેળવી રહ્યા છે.

આ ગામમાં વીજળીની સુવિધા છે પણ ગામમાં કે નજીકમાં ક્યાંય દળામણની ઘંટી ન હતી. આ મુવાડીના રહીશોને મોટા ભાગની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે છે. પરંતુ દાળનું દળામણ મોંઘું પડતું હતું. એક કિલોથી ૫૦ કિલોગ્રામ કોઈપણ ધાન્ય દળાવવા માટે ગ્રામજનોએ ગામથી ૨૦ કિલોમીટર જેટલા અંતરે આવેલા રખિયાલ ગામે જવું પડતું હતું.

દળામણની વેદનાની કહેતાં ગામના આદ્યશક્તિ સખી મંડળના સભ્ય અને ગામમાં રહેતા આનંદીબેન નરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ગામમાં વીજળીની સુવિધા ૨૪ કલાક સરકારે આપી છે. પણ ગામની તમામ મહિલાઓ માટે દળામણ માથાનો દુખાવો બની ગયું હતું, કારણ એટલું જ કે અમને ભાઈ વાહન આવડે નહિ, તેમજ ગામની બહાર જવા તરત વાહન મળે પણ નહિ. દળામણ એટલે કે જાણે મોટી ખરીદી કરવા જવાનું હોય તેટલું મોટું કામ તમામ ઘર માટે બની રહેતું હતું. કયારેક તો બે-ચાર વાટકી લોટ ઊછીનો લેવા નીકળવું પડતું હતું. ચોમાસામાં તો દળામણ માટે બહુ સજાગ રહેવું પડતું હતું.

આનંદીબેને તેમની વાતને આગળ વધારતાં કહ્યું હતું કે કયારેક આ દળામણ તો ઘર કંકાસનું કારણ પણ બનતું હતું. દળામણમાં ઘાટ કરતા ઘડામણ મોંઘું પડે તેમ અમને દાળ કરતા દળામણ મોંઘું પડતું હતું. કારણ કે રખિયાલ સુધી જવા-આવવાનો ખર્ચે અંદાજે રુપિયા ૬૦-૭૦ થાય અને દળામણના રુપિયા અલગ એટલે દળામણ અમને ૧૦૦ રૂપિયામાં પડતું હતું. કયારેક ઘંટીવાળાને ત્યાં લાઈટ ન હોય કે અન્ય ટેકનિકલ ખામી હોય તો તે દિવસે પરત આવવું પડે.

પરંતુ આ સમસ્યાનો હલ મારા જેવી મારી આદ્યશક્તિ સખી મંડળની બહેનોએ શોધી કાઢ્યો. અમને પૂછવામાં આવ્યું કે સખી મંડળ થકી શું કાર્ય કરવા માંગો છો, ત્યારે એક જ સુરે અમે સૌ બહેનો બોલી ઉઠી કે ગામમાં ઘંટી બનાવવી છે. તે પછી ખર્ચ, ગામમાં ઘંટી બનાવવાની જગ્યા, વીજળીનું કનેકશન જેવી સમસ્યા આવી. ખર્ચને કેવી રીતે ઉઠાવવો ? તે અંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન સાથે ચર્ચા થઈ. તેમણે આ વાતમાં અમને સહયોગ આપ્યો. એ.આર.સી. ફાઉન્ડેશન, ગાંધીનગરના ધર્મેન્દ્રસિંહે અમારા ગામની મુલાકાત લીધી. તેમણે તે જ દિવસે આ ઘંટી બનાવવા માટે નાણાનો સહયોગ કરવાની તૈયારી અમને બતાવી. બસ પછી તો યુ.જી.વી.સી.એલ.માંથી માત્ર એક જ માસના ટુંકાગાળામાં લાઈટ કનેકશન આવી ગયું. થોડાક જ દિવસમાં જાણીતી કંપનીની ઘંટી પણ આવી ગઈ.

અમે હાલમાં દળામણનો દર કિલોએ રૂપિયા ૩ નક્કી કર્યો છે. જે આવક અમારી સખી મંડળની બહેનોની આજીવિકા બની રહેશે. તેમજ બહેનો પણ સન્માનભેર જીવન વીતાવી શકશે.

### બાવળાની મુવાડી ગામની પીવાના પાણીની સમસ્યાને તાત્કાલિક હલ કરવા જિલ્લા કલેકટરે પાંચ લાખ રૂપિયા ફાળવવાની સુચના આપી

ગાંધીનગર, તા. ૮

દહેગામ તાલુકાના આદ્યશક્તિ ફ્લોરમીલનો આરંભ જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના હસ્તે કરવામાં આવ્યો હતું. આ ફ્લોર મીલના શુભારંભ પ્રસંગે ગામમાં પધારેલા કલેકટરે સમારંભમાં પોતાના પ્રવચનના આરંભે જ ગ્રામજનો પાસે તેમની સમસ્યાઓ અંગેની રજૂઆત મુક્ત મને કરવા કહ્યું હતું. આ વાત સાંભળી થોડાક સમય માટે કાર્યક્રમમાં સર્વે ગ્રામજનો મુકપ્રેક્ષક બની ગયા હતા. પરંતુ કલેકટર દ્વારા તેમને જણાવવામાં આવ્યું હતું કે, આપની રજૂઆત થકી જ મને આપની સમસ્યાની ખબર પડશે. તેમજ તમામ સમસ્યા-તકલીફનો હલ તાત્કાલિક આવતો નથી. પણ તે સમસ્યાના હલ માટેની દિશામાં આગળ જઈ શકાય છે. આગામી સમયમાં થનાર આયોજનમાં તમારી સમસ્યાને પ્રાધાન્ય આપી શકાય છે.

ગ્રામજનો દ્વારા કલેકટર સમક્ષ ગામના નાના મોટા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. ગામમાં રેશનકાર્ડનું અનાજ નિયમિત મળે છે કે નહિ ? આંગણવાડી છે કે નહિ ? તેવા પ્રશ્નોના જવાબમાં આ સુવિધા છે. તેવું જણાવાયું હતું.

કલેકટરએ ગામમાં નર્મદાનું પીવાનું પાણી લેવા માટે ગ્રામજનોને આગ્રહ કર્યો હતો. તેમને નર્મદાનું પીવાનું પાણી શુધ્ધ કરીને જ તમામ શહેરો અને ગામને કેવી રીતે અપાય છે, તેની વિસ્તૃત વાત કરી હતી. એટલું જ નહીં ગામના બોરની સમસ્યાને હલ માટે કલેકટરએ પોતાના ભંડોળમાંથી ગ્રામજનો માટે તત્કાળ રૂપિયા પાંચ લાખ આપવાની જાહેરાત કરી હતી.

## સે. ૨૬ના રેલવે ફાટકે માલગાડીની ટક્કરથી ગાયને ઈજા : બચાવ કાર્ય

**અકસ્માતમાં ગાયનો એક પગ અને એક શિંગડું તુટી ગયું : આખી રાત બેસી રહેલી ગાયનું સવારે શહેરના જીવદયાપ્રેમી યુવાનો દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરાયું : રૂપાલના જનની ગૌસેવા સંસ્થાન ખાતે પંહોચાડીને તેનો જીવ બચાવવામાં સફળતા મેળવી**



ગાંધીનગર, તા. ૦૮

ગાંધીનગરના સેક્ટર-૨૬ના ઓશિયા મોલ પાસેના રેલવે ફાટક નજીક ટ્રેક પર એક ગાયને માલગાડીની ટક્કર લાગવાથી ગંભીર ઈજા પંહોચી હતુ઼અને તેનો એક પગ અને એક શિંગડું તુટી જવા સાથે લોહી નિંગળતી હાલતમાં આખી રાત રેલવે ટ્રેક પાસે બેસી રહેલી ગાયનું શહેરના જીવદયાપ્રેમી યુવાનો દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરાયું હતું અને ગાયને રૂપાલના જનની ગૌસેવા સંસ્થાન ખાતે પંહોચાડીને તેનો જીવ બચાવવામાં સફળતા મેળવી છે. જોકે હજું ગાયનું ઓપરેશન કરવાનું બાકી છે. .

ગઈ કાલે રાતે સેક્ટર-૨૬માં ઓશિયા મોલ પાસેના રેલવે ફાટક નજીક ટ્રેક પર એક ગાયને માલગાડીની ટક્કર લાગવાથી ગંભીર ઈજા પંહોચી હતી. આ અકસ્માતમાં ગાયને શરીરે ઈજાઓ થવા સાથે તેનો એક પગ અને તેનું એક શિંગડું પણ તુટી જવા પામ્યું હતું અને તેમાંથી નિરંતર લોહી વહેતું હતું જેના કારણે ગાયની સ્થિતિ ગંભીર બની રહી હતી. આજે સવારે આ ગાયને જીવદયાપ્રેમી સ્વયંસેવક તેજસ રાવળના પિતાએ જોતાં આ બાબતે તેમના પુત્રને જાણ કરી હતી જે અંતર્ગત એકઠાં થઈ રાજન ત્રિવેદી સહિત જીવદયા પ્રેમી યુવાનો દ્વારા ગાયને બચાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જે અંતર્ગત સૌ પ્રથમ ગાયને પાણી - ખોરાક પુરો પાડવામાં આવ્યો હતો અને ત્યારબદ તેને સારવાર અર્થે રૂપાલ ખાતેની જનની ગૌસેવા સંસ્થાનમાં લઈ જવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. ગાયને જનની ગૌસેવા સંસ્થાનમાં લઈ જવા માટે શહેરની જાણીતી સેવાભાવી સંસ્થા હેપ્પી યુથ ક્લબ, ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપ અને શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકોના આર્થિક સહયોગ સાથે એક પીકઅપ ડાલાંની વ્યવસ્થા કરીને સ્થળ પર હાજર સ્વયંસેવકો દ્વારા ગાયને તેમાં ચડાવાઈ હતી. જનની ગૌશાળાના સંચાલક પ્રશાંતભાઈ "મહારાજ" દ્વારા ગાયને તુરંત તબીબી સારવાર માટે તજવીજ હાથ ધરવામાં આવી હતી અને પ્રાથમિક સારવાર આપી તેનું લોહી નીંગળવાનું બંધ કરાયું હતું તેમજ તેને શક્તિ માટે બે બોટલ ચઢાવાઈ હતી. બપોર સુધીમાં ગાય જોખમમાંથી બહાર આવી ગઈ હતી.

જોકે હજું ગાયના માથામાં બટકાઈ ગયેલાં શિંગડાનો અમુક ભાગ રહી ગયો છે જેને ઓપરેશન કરીને બહાર કાઢવો જરૂરી છે તેમજ તેના તુટી ગયેલાં પગનું પણ ઓપરેશન કરવાનું છે, જે ગાય થોડી વધુ સ્વસ્થ થશે પછી કરવામાં આવશે અને ત્યાં સુધી ગાયને જનની ગૌ શાળામાં તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવશે. આ સમગ્ર કિસ્સામાં હેપ્પી યુથ કલબના કારોબારી સભ્ય અને બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના યુવા અગ્રણી રાજન ત્રિવેદી સહિત ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના જીવદયા પ્રેમી યુવાનો વિકાસ રાજગોર, વિવેક પરમાર, વિક્રમભાઈ ભરવાડ, તેજસ રાવળ અને તેમની ટીમે ઉપરાંત જનની ગૌસેવા સંસ્થાનના કાર્યકર્તાઓએ પ્રસંશનીય સેવાઓ આપી હતી.